
12 ઊમૂર ન્યૂઝલેટર

# સિલ્કે હયાત

## સિઝન 2, અંક 1, ગુજરાતી

શેહરે મોહર્રમુલ હરામ – સફરૂલ મુઝફ્ફર 1444 હી.



દોઆત મુત્લકીન (ર.અ) પોતાના અનવાર સી સતરની અંધેરી રાતમાં હંમેશા હિદાયત દેતા રહે છે, યે જ અનવારના વારીસ, ખુદા તઆલાનાં નૂર સૈયદના આલીકદર મુફદ્દલ સૈફુદ્દીન (ત.ઉ.શ.) ને અપને આ સાલ દેખા – કંઈ અજબ શાન સી આપયે અશરા મુબારકા 1444 હી. માં હિદાયતનો રસ્તો વાઝેહ કરી દીદો.

સિલ્કે હયાત ના આ એડિશનમાં કોશિશ એમ છે કે મુમેનિન ખિદમતગુઝારો મૌલાની ખુશી હાસિલ કરવા વાસ્તે કંઈ શાન સી કોશિશ કરી રહ્યા છે તેની ઝિકર થાઈ. ખુદા તઆલા આપ મૌલાની ઉમ્ર શરીફને કેયામાતના દીન લગ દરાઝ કરજો.

હુસૈની મસ્જિદ, લંડન
તસ્વીર લેનાર- મિસ્બાહ

# અશરા મુબારકા - લંડન ની તય્યારિયો



ડૉ કુસય ભાઈ આરસીવાલા | અશરા મુબારકાના Management ના Core member

## સ 1- લંડનમાં અશરા મુબારકાની તૈયારીયો કીવારે શૂરુઅ થઈ?

જ.- સનત 1439 હી. ના દરમિયાન પેહલી વકત એમ ઈશારા થયું કે લંડનમાં અશરા મુબારકાની તૈયારીયો શૂરુંઅ થાઈ, તે સાલ હમ સગલા ખિદમતગુઝારોને આ મિસલ અશરા મુબારકાની તૈયારીયો કરવું ઘનું મુશ્કિલ લાગતું થું, અને એહના બાબત કંઈ જાણકારી ભી ન્હોતી, મગર એજન્સીસ, હુકુમતની મદદ, COUNCIL OFFICIALS ના ઝરીઆ સી હમેં એક હદ લગ તૈયાર થઈ ગયા. તે સાલ અશરા મુબારકા ઈન્દોરમાં થયા અને હમેં ખિદમતગુઝારો ભી ઈન્દોરની તૈયારીયોમાં શામિલ થઈ ને અનુભવ કીદું કે અશરા મુબારકાની તૈયારી કંઈ તરહ થાઈ છે.

તે બાદ 1441 હી. ના અશરા મુબારકા વાસ્તે ભી હમેં ઘની તૈયારીયો કિદી, તે સાલ અશરા મુબારકા કોલમ્બો ફસલ થયા, અને હમારી ટીમ કોલમ્બો ભી હાઝીર થઈ ગઈ. કોવિડ 19 પછી, આ વરસ અમે તૈયારીઓ શરૂ કીદી એમા હમને પહેલાના અનુભવ સી ઘનો ફાયદો થયો. ઘના ઓછા સમયમાં તૈયારીઓ પૂરી થઇ ગઈ.

## સ 2- આ Event management માં બાહરસી સુ મદદ લેવામાં આવી?

જ – હમેં GL Events સી મદદ લીદી. આ કંપની Event management વાસ્તે સગલા કરતાં મશહૂર છે. અશરા મુબારકાના અય્યામ દરમિયાન Commonwealth Games ભી જારી હતા અને આ કંપની એહમાં વ્યસ્ત હતી, તે સાથ યે અપનું Contract લેવાને તૈયાર થયા કેમ કે ઈતનાં સાલો સી તૈયારીયોના સબબ અપના સાથ એહના તાઅલુકાત ઘના બેહતર થઈ ગયા હતા. યે જ મિસલ આ કંપનીને કોલમ્બો અશરા મુબારકાનો ભી કોન્ટ્રાક્ટ આપવામાં આયો હતો, તો એહને અશરા મુબારકાના Event management ની ઘની જાણકારી હતી. આ કંપની યે અપનું કોન્ટ્રાક્ટ લીદું, એહના સબબ બિસરી ઘની ચીઝોના management માં સુહુલિયત થઈ ગઈ.

## સ 3- અશરા મુબારકાના પ્લાનિંગ ના દરમિયાન કંઈ મોઅજેઝા ઝાહીર થયા?

જ – અશરા મુબારકા 1444 હી. નું લંડનમાં થાવુંજ ઘનો મોહટો મોઅજીઝો છે.

અશરા મુબારકાના પેહલે સગલા એમ

કેહતા હતા કે આ સાલ લંડનમાં અશરા મુબારકા મુમકિન નથી. હમેં જીતની ભી એજન્સીસ ને મેનેજમેન્ટ વાસ્તે કોન્ટેક્ટ કીદો, યે સગલા યે એમ જ કહ્યું કે આ સાલ અશરા લંડનમાં મુમકિન થાસેજ નહીં. સગલાનું કેહવું એમ હતું કે અશરાના સાથે UK માં Commonwealth Games ચલી રહ્યા છે, તેસી અશરા વાસ્તે જે ચીઝોની ઝરૂરત પરે છે, યે મિલસે જ નહીં.
મગર વલિયુલ્લાહનો એઅજાઝ યે કે થોરા દિનમાં સામને સી યે સગલા કોન્ટેક્ટ કરવા લાગા કે હમેં કોશિશ કરીને મેનેજમેન્ટ કરી આપસું. કઈંક મઆજીઝમાં સી એક એમ થયું કે મવાઈદના setup વાસ્તે જે શાકેલત અને સાઇઝના મટિરિયલ જોઈએ, યે પૂરા યુરોપમાં ફકત 2-3 જગહ મિલે છે અને 8 સી 9 મહિનાની બુકિંગ્સ હોઈ છે. મગર અશરાના અય્યામમાં જેની બૂકિંગ હતી યે કેન્સલ થઈ ગઈ અને અપને યે તમામ ચીઝો મિલી ગઈ, યે સગલા યે ભી એમ જ કહ્યું કે આ મિસલ કોઈ વકત બનું નથી.
બીજું એમ બનું કે બીજી રાતે એક Emergency meeting થઈ જેમાં Health officers યે એમ Decision લીદું કે આવતી કાલે યહાં વાઅઝ નહીં થઈ સકે કેમ કે ઈતની મોહટી ગણતરી મા લોગો આવસે એહના વાસ્તે Safety measures મુનાસિબ નથી, અને એક રાતમાં હવે યે થઈ ભી નહીં સકે, હમેં સગલા ઘની ફિકરમાં આવી ગયા. સગલા Officials સાથે કલાકો લગ, રાતે 12 વાજા લગ બેઠીને એહનાસી જે જે તૈયારીયો ઝરૂરત છે એહની List હાસિલ કિદી, અને હર જગહ સી મુમેનિનને બુલાવીને યે તૈયારીયો કીદી, અને ફજરે 5 વાજા લગ સગલું તૈયાર કરી દીદુ. ફજરે 6 વાજે Officials આયા તો ઘના તાઅજ્જુબ કરવા લાગા કે કંઈ તરહ આ ઇમકાન થયું! અને Permission આપી દીદી.



# આલમે ઈમાનની એક જહ્લક



## જમાઅત હૉલ બનાવું



### તાહેરી મોહ્લ્લાહ - મુંબઈ

આ સાલ તાહેરી મોહ્લ્લાહ મુંબઈમાં મૌલાનલ મીનઆમ (ત.ઉ.શ.) ની દોઆ મુબારકની બરકત સી 5300 sq ft. નૂ મોટુ અને વસીઅ મરકઝ લેવામાં આવયું, જેમાં તકરીબન 120 થાલ થઈ સકે છે. આ મરકઝ મોહ્લ્લાહ્ના મેઇન એરિયા તારદેવમાં બનું છે, જેના સબબ તમામ મુમેનિનને ઘણી સુહુલિયત થઈ ગઈ. તે સાથ યે જગહ્માં મદ્રેસા, મવાઈદ, કિચન સગલું સમાઈ ગયું. મુંબઈ જેવી busy જગહ્માં ઇતની મોહ્ટી મિલકતનું આબાદ થાવું યે મહ્ઝ મૌલાનલ મીનઆમ (ત.ઉ.શ.)નો મોઅજેઝો છે. આ મરકઝના સબબ ઘના મુમેનિન જે કોઈ વકત મજાલીસમાં આવે નહીં યે ભી આવતા થઈ ગયા. જહાં 40 થાલ થાય વહાં ડબલ 75 થાલ થયા.

ઝોહૈર ભાઈસાહેબ ઈઝ્ઝુદ્દીન, આમિલ સાહેબ



## સ્વતંત્રતા દિવસની ઉજવણી

### બુરહાનપુર

બુરહાનપુરમાં મુમેનીન ફરઝંદો માટે સ્વતંત્રતા દિવસ વધુ ખાસ હતો કારણ કે તેઓએ સ્વતંત્રતા સેનાનીઓ અને રાષ્ટ્રમાં તેમના યોગદાનને યાદ કરીને વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. તેઓએ આઝાદીના 75 વર્ષની સ્મૃતિમાં, વિવિધતામાં એકતા, તેમજ પરસ્પર વિકાસ અને બધાના વિકાસ માટે જાગૃતિ ફેલાવવા અનેક માનવ આકારોની રચના કરી!

શેખ હુસેન ભાઈ શેખ અબ્દુલહુસેન ભાઈ ફખરી, કાદેરિયા બુરહાની સ્કૂલ





## 24 કલાક મુસલસલ મજલીસની બરકત



### મલાડ

આ સાલ 1444 હી. માં મલાડમાં અશરા મુબારકાની ઓહ્બતમાં નુમાયા અમલ થયું. 24 કલાક મુસલસલ નૌહો અવીલની મજલિસ કાઈમ થઈ, જેમાં તકરીબન 20 અલગ અલગ મોહ્લ્લાહો સી 1000 મુમેનિન શામિલ થયા. હર મજલીસના સદર અને ઝાકેરીનને ઈઝન દઈને બુલાવામાં આયા. તકરીબન 10 સી 12 મવાઝે સી સગલા ખિદમતગુઝારો હાઝીર થયા. ઘના ખુબી સી તઝયીનનું અમલ થયું. આ અમલના નતીજામાં અશરા મુબારકામાં મુમેનિનનો ઝીકરે હુસૈન (અ.સ.) વાસ્તે નુમાયા જોશ અને વલવલો નઝર આયો.

શેખ મુસ્તફા ભાઈ શેખ શબ્બીર ભાઈ હામીદ

# આલમે ઈમાનની એક જહલક



## 100 કરતા વધુ યોગા  Session

### ન્યુ જર્સી

ન્યુ જર્સી માં દર રવિવારે નિષ્ણાતોની દેખરેખમાં મુમીનીન – ખાસ બુઝુરગો વાસ્તે  યોગા અને કસરત સત્રો યોજાય છે. આ કાર્યક્રમમાં  ઓનલાઈન જોડાઈ સકે છે. આ કાર્યક્રમ ઘનૂ સફળ અને ફાયદાકારક છે. એમા સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય મુમીનીન ભી શામિલ થાઈ છે. હમના તક 100 કરતા વધુ Session થઈ ગયા છે.

શેખ અબ્બાસ ભાઈ સલીમ, ઉમૂર સેહત મેમ્બર







## જુમોઆના દીન stalls લાગવું

### કાંદિવલી

કાંદિવલીમાં મહિનામાં 2 વ્યકત જુમોઆના દીન મુમેનિન મરદો અને ખાસતન મૂમેનાત બૈરાઓ મસ્જિદ કોમ્પ્લેકસમાં પોતાના વેપાર અને હુન્નર મુત્તઅલિક stalls લગાવે છે. આ stalls ફજરે 11 સી 3 વાજા લગ રહે છે. નમાઝના વકતમાં તકરીબન 45 મીનટ વાસ્તે બંદ રાખવામાં આવે છે. આ મિસલ જુમોઆના દિનમાં stalls લગાવા સી મુમેનિનના વેપારમાં ઘની બરકત થાઈ છે અને ખાસતન મૂમેનાત બૈરાઓ પોતાના હુન્નરને પ્રદર્શન કરી સકે છે. આ અમલના સબબ જુમોઆના દીન નમાઝની ગણતરી મા વધારો થાઈ છે.

શેખ મોઈઝ ભાઈ વજીહી



## મુમેનિનને 12 ઉમુરની એહમીયતની સમજ કરાવી

### એહમદાબાદ

એહમદાબાદમાં આ સાલ અશરા મુબારકાની વાઅઝ થાઈ તે પેહલા તકરીબન 15 મિનિટ એક 12 ઉમુર ડિઝાઇન ટેમ્પ્લેટ ડિસ્પ્લે કરતાં. એહમાં 12 ઉમુર સુ છે અને હર ઉમુર મા સૂ ખિદમાત કરી સકાઈ છે, યે બતાવામાં આવતું. જેના સબબ ઘના મુમેનિનને 12 ઉમુરની આશનાઈ થઈ અને ખિદમત વાસ્તે પ્લેટફોર્મ મિલું. યે જ મિસલ આઈન્દા મવાકિત પર 12 ઉમુરની videos બતાવીને લોગોને શોક દિલાવસું એમ અઝમ કીદો છે.

અબ્બાસ ભીરાનવાલા, ઉમુર મવારીદ બશરીયાહ ખિદમતગુઝાર

| 12 Umoor Khidmat | | |
|---|---|---|
| Aqa Maula (TUS): Har Mumin Khidmatguzaar Hoi | | |
| Umoor Diniyah | Umoor Taalimiyah | Umoor Dakheliyah |
| Shariyah Pabandi All Religious / Spiritual Activities | All Education Activity including Deen & Duniyah | Internal Affairs, IT Communication Activity |
| Umoor Maliyah | Umoor Faizul Mawaid il Burhaniyah | Umoor Iqtesadiyah |
| Accounts & Financial Activties | All Niyaz Activity | Qardan Hasana & Business Development |
| Umoor Marafiq Burhaniyah | Umoor Qaza | Umoor Amlaak |
| Upliftment & Welfare Activity | Law & justice Activity | Trust & Properties Activity |
| Umoor Kharejiyah | Umoor Sehat | Umoor Mawarid Bashariyah |
| External Affairs, Relation with Govt. Beuracarts | Health & Hygeine | Human Resource Activity |

# ટોપ 10 - વૈશ્વિક લીડરબોર્ડ

## 10 મવાઝે – અશરા મુબારકા 1444 હી. માં પૂરી હાઝરી હતી

આ દસ મવાઝે એહવા છે જહાં અશરા મુબારકા 1444 હી. માં હર એક મુમીન અને મુમેના હાઝીર થયા છે. નોટ: આ મવાઝેની તરતીબ એહની મોહટા સી છોટા – આ મુતાબિક છે. ઘણા એહવા નાના ગામો હસે જેમાં 100 ટકા હાઝરી હસે મગર આ list માં નહીં ગીનાયા હોઈ.

| સંખ્યા | મોહલ્લો | શહેર |
|---|---|---|
| 1942 | શુજાઈ બાગ | દોહદ |
| 1897 | ફખરી મોહલ્લાહ | એહમદાબાદ |
| 1493 | બુરહાની બાગ | પાકિસ્તાન |
| 1399 | હકીમી મોહલ્લાહ | ઉજ્જૈન |
| 1056 | વજીહી મોહલ્લાહ | સુરત |
| 1025 | સુનૈલ | રામપુરા |
| 863 | સાદરી સગીર | રામપુરા |
| 786 | ટાંગ્ગા | ઈસ્ટ આફ્રિકા |
| 760 | ચંદ્રપુર | નાગપુર |
| 745 | જુનાગઢ | રાજકોટ |

શુ તમે જાનો છો?

**અદ્દાઈલ અજલ સૈયદના મોહમ્મદ બુરહાનુદ્દીન (રી.અ.) યે અસ્કલાનમાં રાઅસુલ ઇમમિલ હુસૈન(અ.સ.) રહ્યા છે, યે મોઝેઅની તેહકીક ફરમાવી.**



1421 હી. માં અદ્દાઈલ અજલ સૈયદના મોહમ્મદ બુરહાનુદ્દીન (રી.અ.) અસ્કલાન પધારા. આપ યે વહાં મસ્જિદના ઈમામ શેખ અબ્દુલકાદિરને બુલાવી અસકલાનની તફતીશ ફરમાવી. અલમઝફુર યે એમ કહ્યું કે મને ખબર છે હમના વહાં (રાઅસુલ હુસૈનની જગહ પર) હોસ્પિટલ બનાવી દીદુ છે. વોહ શેખ યે રસુલુલ્લાહના અવસાફ અને મુખ્તસર તારીખ બયાન કીદું. હુઝુરે આઅલા (ત.ઉ.શ.) યે એહને ફરમાયું કે તમે હમારા સાથ આઓ. વોહ શેખને બીજી મોટરમાં બીઠાયા. અસ્કલાન પોહંચા જહાં હમના હોસ્પિટલ બનાવી દેવામાં આયું છે. વહાં એક જગહ ઊંચી ટેકરી છે જેના પર ઘાંસ છે, કોઈ નિશાની નથી.

વોહ શેખ કેહવા લાગા કે આ જ રાઅસુલ હુસૈન ની જગહ છે. વહાં પેહલે એક મશહદ હતું. હુઝુરે આઅલા (ત.ઉ.શ.) યે સુઆલ કીદો કે આ જ જગહ છે? તે વકત વોહ શેખ યે એમ જ કહ્યું કે આ જ જગહ છે. હુઝુરે આઅલા (ત.ઉ.શ.) યે પૂછું કે યહાં દરિયા નઝર આવતા થા. તે વકત તરત જ વોહ શેખ ઈશારા કરીને કહે છે કે આ સામને દરિયા છે. તે બાદ હુઝુરે આઅલા (ત.ઉ.શ.) મસલ્લા પર કદમ મૂકીને ફરમાવે છે કે આ જ જગહ છે. તે વકત વો શેખ કહે છે કે ખુદા ના કસમ આ જ રાઅસુલ હુસૈનની જગહ છે.

હુઝુરે આઅલા (ત.ઉ.શ.) યે મૌલાનલ ઈમામીલ હુસૈન (અ.સ.) ના તકરૂબની બે રકઅત નમાઝ પરાવી, તે બાદ અસરનું ફરઝ પરહાયું . તે બાદ સલામ અને દોઆઅ પરહવાનું અમર ફરમાયું. વોહ્ શેખને આપયે 2 કસીદા શરીફા - صلى على محمد ربه" ."અને "طه النبي المصطفى العربي" ના નુસ્ખાહ્ અતાઅ ફરમાયા. વોહ શેખ યે કસીદા પૂરા પઢા..., અને કહ્યું કે મબરૂક મબરૂક, તે બાદ મોટરના કરીબ પધારી શાલ અને તસબીહ ઈનાયત ફરમાવી. એહના સાથે બીજા શખ્સને અલામત શરીફા અતાઅ ફરમાવી. અને ફરમાયું કે ઈન્શા અલ્લાહ બીજી વકત આવીસે. વોહ શખ્સ કહે છે કે "ખુદા આપની ઉમ્ર દરાઝ કરે, આપ વારંવાર યહાં પધારજો. આપ મૌલા (રી.અ.) યે અસ્કલાનમાં હુકુમતના મુવાફકત્ પર રાઅસુલ હુસૈન (અ.સ.)ના મશહદ પર મસ્જિદ બનાવી છે.

# પહેલાના સિલ્કે હયાત




સઝિન 1, અંક 13




સઝિન 1, અંક 12



સઝિન 1, અંક 11



સઝિન 1, અંક 10



સઝિન 1, અંક 9



સઝિન 1, અંક 8



સઝિન 1, અંક 7



સઝિન 1, અંક 6



સઝિન 1, અંક 5

الموارد البشرية
جماعة أمير المؤمنين
HUMAN RESOURCES

سلك حيوة
SILK-E-HAYAAT